# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 17-07-2024** **Evening : 7.50 to 8.00**
**Day : Wednesday** **National News**

આકાશવાણી સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

***************************************************

- ✓ કેન્દ્ર સરકારે સંસદના અંદાજપત્ર સત્ર પહેલા આ રવિવારે સર્વપક્ષીય બેઠક બોલાવી છે.
- ✓ યુવા બાબતો અને રમતગમત મંત્રી મનસુખ માંડવિયાએ કહ્યું- સરકાર વિવિધ યોજનાઓ અને કાર્યક્રમો દ્વારા યુવાનોના સશક્તિકરણ માટે પ્રતિબદ્ધ.
- ✓ રેલવે સુરક્ષા દળ RPF એ છેલ્લા સાત વર્ષમાં ઓપરેશન નન્હે ફરિશ્તે અંતર્ગત 84 હજારથી વધુ બાળકોને બચાવ્યા..
- ✓ દેશભરમાં મુસ્લિમ બિરાદરો દ્વારા આજે મહોરમ તહેવાર મનાવવામાં આવી રહ્યો છે.
- ✓ સ્વીડિશ ઓપન ટેનિસ ટૂર્નામેન્ટની પ્રી-ક્વાર્ટર ફાઇનલમાં આવતીકાલે ભારતના સુમિત નાગલનો મુકાબલો આર્જેન્ટિનાના મારિયાનો નેવોન સામે થશે...

***************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# ALL PARTY MEET

કેન્દ્ર સરકારે સંસદના અંદાજપત્ર સત્ર પહેલા આ રવિવારે સર્વપક્ષીય બેઠક બોલાવી છે. બેઠક દરમિયાન, સરકાર સંસદના બંને ગૃહોની સુચારૂ કામગીરી માટે તમામ રાજકીય પક્ષો પાસેથી સહકારની વિનંતી કરશે. અંદાજપત્ર સત્ર આ મહિનાની 22મીથી 12મી ઓગસ્ટ સુધી ચાલશે. અંદાજપત્ર 23 જુલાઈએ રજૂ થશે. નરેન્દ્ર મોદી સરકારના ત્રીજા કાર્યકાળનું આ પ્રથમ અંદાજપત્ર હશે.

# MANDVIYA- AWARDEES INTERACTION

યુવા બાબતો અને રમતગમત મંત્રી મનસુખ માંડવિયાએ કહ્યું છે કે, દેશના યુવાનો ભવિષ્યના નીતિ ઘડવૈયા છે. તેમણે કહ્યું કે, સરકાર વિવિધ યોજનાઓ અને કાર્યક્રમો દ્વારા યુવાનોના સશક્તિકરણ માટે પ્રતિબદ્ધ છે.

કેન્દ્રીય મંત્રીએ આજે નવી દિલ્હીમાં રાષ્ટ્રીય યુવા અને રાષ્ટ્રીય સેવા યોજના પુરસ્કાર વિજેતાઓ સાથે વાતચીત કરી. આ દરમિયાન ડો. માંડવિયાએ યુવાનોમાં પરિવર્તન લાવવાની ક્ષમતાને કારણે દેશ પ્રગતિ અને નવીનતા તરફ આગળ વધશે તેવી આશા વ્યક્ત કરી હતી.

આ કાર્યક્રમનો ઉદ્દેશ એવોર્ડ વિજેતા યુવાનોની સિદ્ધિઓની ઉજવણી કરવાનો અને મેરા  યુવા ભારત મંચને વધુ ઉપયોગી કેવી રીતે બનાવી શકાય તે અંગે ચર્ચા કરવાનો હતો. યુવા બાબતો અને રમતગમત મંત્રાલયના જણાવ્યા અનુસાર ચર્ચાનો એક મહત્વપૂર્ણ ભાગ માય યુથ ઈન્ડિયા ફોરમ યુવાનોને રચનાત્મકતા તરફ પ્રેરણા આપવા માટે નવીન

અને સહયોગી વિચારો પર ધ્યાન કેન્દ્રિત કરે છે. ડૉ. માંડવિયાએ પ્લેટફોર્મને વધુ અસરકારક બનાવવા એવોર્ડ વિજેતાઓ પાસેથી સૂચનો આમંત્રિત કર્યા.

## JAISHANKAR-MAURITIUS

વિદેશમંત્રી ડૉ. એસ. જયશંકરે આજે મોરેશિયસની તેમની સત્તાવાર મુલાકાત દરમિયાન મોરેશિયસના ભૂતપૂર્વ પ્રધાનમંત્રીઓ ડૉ. નવીન રામગુલામ અને પૉલ બેરેન્જર સાથે મુલાકાત કરી હતી. ડૉ. નવીન રામગુલામને મળ્યા બાદ શ્રી જયશંકરે કહ્યું કે, તેમણે લાંબા સમયથી ચાલી રહેલી દ્વિપક્ષીય ભાગીદારી અને તેના વધુ વિકાસ માટેની સંભાવનાઓ વિશે ચર્ચા કરી. વિદેશ મંત્રીએ કહ્યું કે શ્રી પોલ સાથેની તેમની મુલાકાતમાં બંને નેતાઓએ વર્તમાન વૈશ્વિક મુદ્દાઓ પર ફળદાયી ચર્ચા કરી હતી.

ડૉ. જયશંકર વિપક્ષના નેતા ડૉ. અરવિન બુલેલને પણ મળ્યા હતા. બંને નેતાઓએ ભારત-મોરેશિયસ સંબંધો અને હિંદ મહાસાગર ક્ષેત્રની સમૃદ્ધિ માટે તેના મહત્વ અંગે ચર્ચા કરી હતી. મંત્રી પાર્ટી મોરિશિયન સોશિયલ ડેમોક્રેટ નેતા ઝેવિયર લુક ડુવલને પણ મળ્યા.

## REV EVE. NADDA-REVIEW MEETING

આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી જે.પી. નડ્ડાએ દેશની ફાર્મસી ઓફ ધ વર્લ્ડની પ્રતિષ્ઠાને અનુરૂપ વિશ્વ-કક્ષાની દવા નિયમનકારી માળખું બનાવવા પર ભાર મૂક્યો છે. તેમણે ઉત્પાદનોની સર્વોચ્ચ

ગુણવત્તા સુનિશ્ચિત કરવા માટે ફાર્માસ્યુટિકલ અને તબીબી ઉપકરણ ઉદ્યોગ સાથે સતત ચર્ચા વિચારણા પર પણ ભાર મૂક્યો હતો.

શ્રી નડ્ડાએ આજે દવાઓ, સૌંદર્ય પ્રસાધનો અને તબીબી ઉપકરણોના નિયમન અંગે સમીક્ષા બેઠક યોજી હતી. તેમણે કહ્યું કે દેશ દવાઓના ઉત્પાદક અને નિકાસકાર તરીકે વૈશ્વિક સ્તરે આગળ છે. જેના અનુસંધાનમાં તેમણે કેન્દ્રિય દવા માપદંડ નિયંત્રણ સંગઠન CDSCO પર વૈશ્વિક માપદંડો હાંસલ કરવા માટે સમયરેખા સાથે રોડમેપ તૈયાર કરવા અંગે ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું કે નિકાસ કરાયેલી દવાઓની ગુણવત્તા જાળવી રાખવા માટે યોગ્ય વ્યવસ્થા ઘડવી જોઈએ. તેમણે કહ્યું કે, દવા નિયમનકારી સંસ્થા અને ઉદ્યોગે પારદર્શિતાના સર્વોચ્ચ સિદ્ધાંતો પર કામ કરવું જોઈએ, તે સુનિશ્ચિત કરવા માટે કે દેશ દ્વારા ઉત્પાદિત અને વેચવામાં આવતા ઉત્પાદનો વૈશ્વિક ગુણવત્તાના ધોરણોના ઉચ્ચતમ સૂચકાંકોને પૂર્ણ કરે છે.

સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગોની સમસ્યાઓ પર, મંત્રીએ અધિકારીઓ અને હિતધારકોને તેમની સમસ્યાઓ સમજવા અને તેમની ક્ષમતા અને ઉત્પાદનોની ગુણવત્તાને મજબૂત કરવા માટે સમર્થન આપવા જણાવ્યું હતું.

## PREZ SPEECH - BOOK

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના કાર્યકાળના પ્રથમ વર્ષના 75 મહત્વપૂર્ણ ભાષણોનું સંકલન કરતું પુસ્તક "વિંગ્સ ટુ અવર હોપ્સ – અંક પહેલા નું આવતીકાલે નવી દિલ્હીમાં વિમોચન થશે.

કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણ, માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવની હાજરીમાં ઈ-બુકનું વિમોચન કરશે. પ્રકાશન વિભાગે આ પુસ્તક પ્રકાશિત કર્યું છે. આ પુસ્તક હિન્દી અને અંગ્રેજીમાં પ્રકાશિત થશે.

## RAILWAY-NANHE FARISTEY

રેલવે સુરક્ષા દળ RPF એ છેલ્લા સાત વર્ષમાં ઓપરેશન "નન્હે ફરિશ્તે" અંતર્ગત 84 હજારથી વધુ બાળકોને બચાવ્યા છે. રેલ્વે મંત્રાલયના જણાવ્યા મુજબ, નન્હે ફરિશ્તેએ એક અભિયાન છે જે ભારતીય રેલ્વેના વિવિધ ઝોનમાં કાળજી અને સુરક્ષાની જરૂરિયાત ધરાવતા બાળકોને બચાવવા માટે સમર્પિત છે.

મંત્રાલયે જણાવ્યું હતું કે, બચાવેલા બાળકને જિલ્લા બાળ કલ્યાણ સમિતિને સોંપવામાં આવે છે જે બાળકને માતાપિતાને પરત સોપે છે. બચાવી લેવામાં આવેલા બાળકોમાં ભાગેડુ, ગુમ થયેલ, નિરાધાર, અપહરણ કરાયેલા, માનસિક વિકલાંગ અને શેરી બાળકોનો સમાવેશ થાય છે. મંત્રાલયે કહ્યું કે, આ વર્ષે મે સુધી RPF એ 4 હજાર 607 બાળકોને બચાવ્યા હતા જ્યારે ગયા વર્ષે 11 હજાર 794 બાળકોને બચાવ્યા હતા.

## MUHARRAM

આજે દેશભરમાં આશુરા-એ-મુહરમના તહેવારને મનાવવામાં આવી રહ્યો છે..

સાતમી સદીમાં કરબલાના મેદાનમાં સત્ય અને ન્યાય માટે પોતાનાં જીવનું બલિદાન આપનારા મહમ્મદ પૈગંબરનાં પૌત્ર હઝરત ઇમામ હુસૈન અને તેમનાં સાથીઓનાં બલિદાનની યાદમાં આજના દિવસે

શોક મનાવવામાં આવે છે. આ પ્રસંગે તાજીયાનું સરઘસ કાઢવામાં આવે છે. કરબલાનાં શહીદોને યાદ કરવા આજે દેશભરમાં મજલિસ એટલે કે ધાર્મિક સભાઓનું આયોજન પણ કરવામાં આવ્યું છે. આ પ્રસંગે સલામતીનો ચાંપતો બંદોબસ્ત કરવામાં આવ્યો છે.

## IMD – FORECAST

ભારતીય હવામાન વિભાગે આગામી ત્રણ દિવસ દરમિયાન કોંકણ, ગોવા અને મધ્ય મહારાષ્ટ્રમાં ભારે વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગે જણાવ્યું કે, આગામી ચાર દિવસ દરમિયાન ગુજરાત, કર્ણાટક, છત્તીસગઢ, ઓડિશા, કેરળ, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરામાં પણ ભારેથી અતિભારે વરસાદની શક્યતા છે.

હવામાન વિભાગે આગામી ચાર દિવસ દરમિયાન હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, પૂર્વ- રાજસ્થાન, જમ્મુ, કાશ્મીર, લદ્દાખ, પંજાબ, હરિયાણા, દિલ્હી, ઉત્તર પ્રદેશ અને પશ્ચિમ રાજસ્થાનમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે.

દરમિયાન, સતત ભારે વરસાદને કારણે કેરળમાં સત્તાવાળાઓએ આજે આઠ જિલ્લાઓમાં શૈક્ષણિક સંસ્થાઓમાં રજા જાહેર કરી છે. આ જિલ્લાઓમાં કન્નુર, કોઝિકોડ, વાયનાડ, પલક્કડ, થ્રિસુર, ઇડુક્કી, અલપ્પુઝા અને કોટ્ટાયમનો સમાવેશ થાય છે. જેમાં ટ્યુશન કેન્દ્રો, આંગણવાડીઓ અને વ્યાવસાયિક કોલેજો સહિતની તમામ શિક્ષણ સંસ્થાઓનો સમાવેશ થાય છે. હવામાન વિભાગે ચેતવણી આપી છે કે રાજ્યમાં આગામી ચાર દિવસ સુધી ભારે વરસાદ ચાલુ રહેશે..

## TENNIS - SUMIT NAGAL

ભારતના સુમિત નાગલ સ્વીડિશ ઓપન ટેનિસ ટૂર્નામેન્ટની પ્રી-ક્વાર્ટર ફાઇનલમાં પહોચી ગયો છે. આવતીકાલે સુમિતનો મુકાબલો આર્જેન્ટિનાના મારિયાનો નેવોન સામે થશે. આ પહેલા સુમિતે સ્વીડનના એલિયાસ યમેરને 6-4, 6-3થી હરાવીને અંતિમ 16માં જગ્યા બનાવી હતી. આ સાથે  સુમિત એટીપી ટેનિસ સિંગલ્સ રેન્કિંગમાં 68માં સ્થાને પહોંચી ગયો છે.

દરમિયાન, સુમિત નાગલ અને પોલેન્ડના કેરોલ ડ્રિવકી ફ્રાન્સના એલેક્ઝાન્ડ્રે ડેર મુલર અને લુકા વાન એસશે સામે હારી ગયા હતા.

## CALCUTTA HC-MAMATA BANERJEE

કલકત્તા વડી અદાલતે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીને રાજ્યપાલ ડૉ. સીવી આનંદ બોઝ વિરુદ્ધ કોઈપણ અપમાનજનક નિવેદન કરવા પર રોક લગાવી છે. ન્યાયમૂર્તિ  કૃષ્ણા રાવની સિંગલ બેન્ચે રાજ્યપાલ દ્વારા મુખ્યમંત્રી વિરુદ્ધ દાખલ કરવામાં આવેલા માનહાનિના કેસ બાદ વચગાળાનો આદેશ જાહેર કર્યો હતો.

અગાઉ, મુખ્યમંત્રીએ અદાલતને કહ્યું હતું કે, તેમના નિવેદનોમાં અપમાનજનક કંઈ નથી. પોતાના નિવેદનમાં તેણે કહ્યું હતું કે, મહિલાઓએ તેને કહ્યું હતું કે, તેઓ રાજભવન જવા માટે અસુરક્ષા અનુભવી રહી છે.

## INDIAN OLYMPICS CONTINGENT

આગામી પેરિસ ઓલિમ્પિક માટે ભારતની અંતિમ ટુકડીને રમતગમત મંત્રાલયે મંજૂરી આપી દીધી છે. આ ટુકડીમાં 117 એથ્લેટ્સ સાથે 140 સપોર્ટ સ્ટાફ અને ઓફિસિયલ હશે. આ સ્પર્ધા આ મહિનાની 26 તારીખથી 11 ઓગષ્ટ સુધી યોજાઇ રહી છે.

એથ્લેટિક્સ ટુકડીમાં સૌથી વધુ 29 ખેલાડીઓ ત્યારબાદ શૂટિંગમાં 21 અને હોકી 19 ખેલાડીઓનો સમાવેશ થયો છે. ટેબલ ટેનિસનું પ્રતિનિધિત્વ આઠ ખેલાડીઓ કરશે જ્યારે બેડમિન્ટનમાં બે વખતની ઓલિમ્પિક ચંદ્રક વિજેતા પી. વી. સિંધુ સહિત સાત સ્પર્ધકો ભાગ લેશે. કુસ્તી, તીરંદાજી અને બોક્સિંગમાં છ-છ ખેલાડીઓ, ત્યારબાદ ગોલ્ફમાં ચાર અને ટેનિસ ત્રણ ખેલાડીઓ છે. સ્વિમિંગ અને સેઇલિંગમાં બે-બે અને ઇક્વેસ્ટ્રિયન, જુડો, રોઇંગ અને વેઇટલિફ્ટિંગ માટે એક-એક ખેલાડીનો સમાવેશ થયો છે.